


# અમેરિકા જેવા દેશમાં હજુ સુધી કોઈ મહિલા રાષ્ટ્રપતિ બન્યા નથી

આપણી આસપાસ
★ મિત્તલ પટેલ

હમણાં આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી વારંવાર નારી શક્તિ વંદના અધિનિયમની વાત કરી રહ્યા છે. જાણે પર્વની જેમ આ અધિનિયમના આવવાની ઊજવણી થતી હોય એવો માહોલ જોવા મળી રહ્યો છે.

એક રીતે કહીએ તો સંસદનાં બંને ગૃહોએ 'નારી શક્તિ વંદન અધિનિયમ' પસાર કર્યો એ દિવસ એટલે કે, સપ્ટેમ્બર ૨૦૨૩ ભારતના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે. આ માત્ર કાયદો નથી પણ સદીઓથી ચાલતા પુરુષપ્રધાન રાજકારણના કિલ્લામાં મહિલાઓના હક્કને હિસ્સેદારીનો જાણે વિજયધ્વજ હોય તેવું લાગે. વિશ્વના અનેક દેશોમાં આજે પણ સ્ત્રીઓએ ઘરની બહાર નીકળવા સંઘર્ષ કરવો પડે છે ત્યારે ભારત પોતાની લોકસભા ને વિધાનસભાઓમાં ૩૩ % બેઠકો બહેનો માટે અનામત રાખશે. ભારતે લીધેલા આ ઐતિહાસિક પગલાથી દેશમાં આમૂલ પરિવર્તન આવવાનું એ નક્કી ને નવો રાહ ચીંધનારા ભારતની જનસંખ્યાના અડધા ભાગને મળેલા ન્યાયના મોડેલને જોવા, સમજવા ભવિષ્યમાં દુનિયાભરથી લોકો આપણા દેશમાં આવશે એ પણ એટલું જ સત્ય.

પશ્ચિમના દેશો પોતાને પ્રગતિશીલ માને. એની સરખામણીમાં ભારતને ક્યાંય પછાત માનવામાં આવે. એક વખત સુધી તો મદારીઓના દેશ તરીકેની આપણી ઓળખ રહી. આવા પ્રગતિશીલ દેશોમાં પણ સ્ત્રીઓની સ્થિતિ હંમેશાં આદર્શને પાત્ર નથી રહી. અમેરિકા જેવા દેશમાં હજુ સુધી કોઈ મહિલા રાષ્ટ્રપતિ બની શક્યા નથી. મધ્ય-પૂર્વના કેટલાક દેશોમાં તો દાયકાઓ સુધી મહિલાઓને ડ્રાઈવિંગ શીખવા કે એકલા મુસાફરી કરવા પર પ્રતિબંધો હતા. આજે પણ આ વિસ્તારની સ્ત્રીઓ પર ચોક્કસ પ્રકારની પાબંદીઓ છે. ત્યારે ભારતે સ્ત્રીઓના અધિકાર બાબતે આરક્ષણ આપીને સ્ત્રીઓને મોટું સન્માન આપ્યું.

વિશ્વના કેટલાક દેશો છે જ્યાં સ્ત્રીઓની રાજકીય હિસ્સેદારી ઊડીને આંખે વળગી તેવી છે. જેમાં રવાન્ડા જેવા દેશની સંસદમાં મહિલા પ્રતિનિધિત્વ ૬૦%થી વધુ છે. જે સમગ્ર વિશ્વના દેશોમાં સૌથી વધારે છે. ક્યુબા, ન્યુઝીલેન્ડ પણ આ દિશામાં ઘણા આગળ. ભારતે લીધેલો આ નિર્ણય પણ આપણને વિશ્વમાં આગળની હરોળમાં મૂકશે. સ્ત્રીઓ જ્યારે નીતિ-નિર્ધારણમાં હિસ્સેદાર બને છે ત્યારે એ કાર્યમાં એની સંવેદનાને મજબૂતાઈનો સીધો પ્રભાવ પણ એમાં જોવા મળે છે.

૧૯૯૨માં જ્યારે ૭૩મા ને ૭૪મા બંધારણીય સુધારા દ્વારા પંચાયતોમાં મહિલા અનામતની જોગવાઈ થઈ, ત્યારે અનેક ટીકાકારોએ મજાક ઉડાવી. મહિલાઓ પંચાયતમાં સદસ્ય તરીકે તો ક્યાંય સરપંચ તરીકે ચૂંટાઈ પણ ઘણા ખરા કિસ્સામાં એમના પતિ કે સસરા જ વહીવટકર્તા તરીકે રહ્યા. એટલે જ 'સરપંચ પતિ' (SP) જેવો શબ્દ અસ્તિત્વમાં આવ્યો. મોટાભાગે બહેનો રબર સ્ટેમ્પ જેવી બની રહી. આજે પણ મહિલા સરપંચ કે નગરપાલિકા સદસ્ય કે પ્રમુખ બન્યા પછી એજ 100 % વહીવટ સંભાળે છે એવું આપણે ન કહી શકીએ. ઘણી જગ્યાએ આજે પણ એમના પરિવારના પુરુષો વહીવટ સંભાળતા હોવાનું આપણે જોઈએ છીએ. પણ આ સ્થિતિમાં પાછલાં કેટલાંક વર્ષોથી સ્થિતિ બદલાઈ રહ્યાનું પણ આપણે જોઈ શકીએ છીએ.

છવી રાજાવત. રાજસ્થાનના સોડાગામની વતની. છવી MBA થઈ. પોતાના ગામની દયનીય સ્થિતિ જોઈને એનો જીવ બળે. પાણી માટે સ્ત્રીઓનો સંઘર્ષ, દીકરીઓનું શાળા છોડવાનું પ્રમાણ, બાળવિવાહ, રોજગારીના પ્રશ્નો ટૂંકમાં કહીએ તો ચારે બાજુ માત્ર તકલીફો જ તકલીફો. છવી આ ગામમાં સરપંચ તરીકે ચૂંટાઈને એણે પોતાના ગામનું નસીબ બદલી નાખ્યું. જ્યારે પંચાયતની બેઠકમાં પંચાયત સદસ્ય જે સ્ત્રી હતી એની જગ્યાએ ઘરના પુરુષો આવ્યા ત્યારે છવીએ એમને સ્પષ્ટ કહ્યું, ''તમારા પત્ની પંચાયત સદસ્ય તરીકે ચૂંટાયા છે, એટલે એ જ અહીં બેસશે.'' આ હિંમતે સોડાગામની સ્થિતિ બદલી. આવી જ વાત હરિયાણાના લંબી આહીર ગામના નીરુ યાદવ ('હોકી વાલી સરપંચ') ની છે. એમણે દીકરીઓને રમતગમત ને શિક્ષણમાં પ્રોત્સાહન આપ્યું. એમણે હોકી માટે તેમ જ દીકરીઓ ડોક્ટર બને તે માટે જુદી ઝુંબેશ સરપંચ તરીકે ઉપાડીને આજે એ ગામમાંથી અનેક દીકરીઓ રાષ્ટ્રીય સ્તરે હોકી રમતી થઈ ને ડોક્ટર તરીકે ઘણી દીકરીઓ પ્રેક્ટીસ કરતી થઈ. એક મજબૂત નેતૃત્વ ગામમાં ઊભું થાય તો સ્થિતિ કેવી બદલાય એ બિહારનાં અનેક ગામોમાં જઈએ તો સમજાય. સરપંચ તરીકે બિહારનાં ગામોમાં અનેક મહિલાઓ આવી ને એમણે દારૂબંધી માટે આંદોલનો કર્યાં. પંચાયતોમાં કડક વહીવટ કર્યો એના કારણે અનેક ગામોએ દારૂને દેશવટો આપ્યો. જ્યારે સ્ત્રીઓના હાથમાં સત્તા આવે છે ત્યારે ગામની પ્રાથમિકતાઓ બદલાય છે.

**હાલમાં આપણી લોકસભામાં મહિલા સભ્યોનું પ્રમાણ માત્ર ૧૫% આસપાસ છે પણ આ કાયદાના અમલ પછી ૫૪૩ માંથી ૧૮૧ બેઠકો પર માત્ર મહિલાઓ હશે. એક દલીલ એવી પણ થાય છે કે આનાથી રાજકીય પરિવારોની પત્નીઓ કે દીકરીઓને જ ટિકિટ મળશે. મારા મતે કદાચ શરૂઆતમાં આવું બની શકે પણ સાથે સાથે એ પણ યાદ રાખવું જોઈએ કે, સંસદ ને વિધાનસભાનો વહીવટ પંચાયત જેવો નથી. ત્યાં સંસદીય પ્રક્રિયાઓ, બજેટની ચર્ચાઓ ને કાયદાકીય જ્ઞાનની જરૂર પડે છે. એટલે જે મહિલા પ્રતિભાશાળી હશે, તે જ ત્યાં ટકી શકશે**

હાલમાં આપણી લોકસભામાં મહિલા સભ્યોનું પ્રમાણ માત્ર ૧૫% આસપાસ છે પણ આ કાયદાના અમલ પછી ૫૪૩ માંથી ૧૮૧ બેઠકો પર માત્ર મહિલાઓ હશે. એક દલીલ એવી પણ થાય છે કે આનાથી રાજકીય પરિવારોની પત્નીઓ કે દીકરીઓને જ ટિકિટ મળશે. મારા મતે કદાચ શરૂઆતમાં આવું બની શકે પણ સાથે સાથે એ પણ યાદ રાખવું જોઈએ કે, સંસદ ને વિધાનસભાનો વહીવટ પંચાયત જેવો નથી. ત્યાં સંસદીય પ્રક્રિયાઓ, બજેટની ચર્ચાઓ ને કાયદાકીય જ્ઞાનની જરૂર પડે છે. એટલે જે મહિલા પ્રતિભાશાળી હશે, તે જ ત્યાં ટકી શકશે.

તાજેતરમાં ગુજરાતમાં આપણે જોયું કે જિલ્લા-તાલુકા પંચાયતની ચૂંટણીમાં વર્ષોથી પાયાનું કામ કરતી કાર્યકર બહેનોએ ટિકિટ ન મળતા ખુલ્લેઆમ અવાજ ઉઠાવ્યો. મને એમનું આ બોલવું ગમ્યું. એમણે 'મજબૂત રીતે પોતાની દાવેદારી નોંધાવીને પોતે આ સ્તરે પહોંચવા કેવી મહેનત કરી છે એની પણ વાત કરી. આ બધી બહેનોની વાત સાંભળીને હવે દેશની દીકરીઓ, બહેનો પણ હવે ડોક્ટર, એન્જિનિયરની સાથે રાજકારણને એક પ્રોફેશનલ કારકિર્દી તરીકે જોઈ રહ્યાનું લાગ્યું જે રાજી થવા જેવું છે.

કેટલાક લોકો કહે છે કે સ્ત્રીઓ કોમળ, તે કટોકટીમાં રડી પડે પરંતુ આપણે ભૂલી જઈએ છીએ કે એ જ સ્ત્રી ઝાંસીની રાણી બને છે ત્યારે અંગ્રેજોના દાંત ખાટા કરી નાખે છે ને ભારતની વડાં પ્રધાન બની પાકિસ્તાનના બે ટુકડા કરવાની હિંમત રાખે છે. સ્ત્રીના આંસુ તેની કમજોરી નથી, તેની સંવેદના છે. જો વહીવટમાં સંવેદના ભળે તો લોકકલ્યાણનાં કાર્યો વધારે ઊજળાં બને છે.

કહેવાય છે કે,

***'ઔરતો કો સમજના હો તો ઉસકે આંસુ મત દેખો,***
***ઉસકી હિંમત દેખો, જો હર દર્દ કે બાદ ભી મુસ્કુરાતી હૈ...'***

ઘરનું બજેટ ટાંચાં સાધનોમાં ચલાવનાર ગૃહિણી જ્યારે દેશનું બજેટ બનાવવામાં ભાગીદાર બનશે ત્યારે ભ્રષ્ટાચાર ચોક્કસ ઘટશે. સ્ત્રી વગરનું ઘર જેમ વેરાન લાગે, તેમ સ્ત્રી વગરની લોકશાહી પણ અધૂરી હતી. આ અધિનિયમથી કરોડો દીકરીઓનાં સપનાંઓને પાંખો મળશે. જ્યારે દેશની ધુરા શક્તિશાળી બહેનોના હાથોમાં આવશે ત્યારે ભારત ખરા અર્થમાં 'વિશ્વગુરુ' બનવાની દિશામાં હરણફાળ ભરશે.